ક્રમાંક/મહેકમ/૬/૨૩૨

કમિશ્નર કચેરી
મહેકમ વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા
ભા વ ન ગ ર
તા. ૬/૨/૨૦૨૦

વિષયઃ— **ટેકનીકલ આસીસ્ટન્ટ ( સીવીલ ) તરીકે ફીકસ પગારથી નિમણુંક આપવા બાબત.**

સંદર્ભઃ— ટેકનીકલ આસીસ્ટન્ટ ( સીવીલ )ની જગ્યા ભરવા માટે નિયુકત થયેલ પસંદગી સમિતિનો તા.૪/૨/૨૦૨૦ નો અહેવાલ.

---

**હુ ક મ :—**

ભાવનગર મહાનગરપાલિકાના જુદા જુદા વિભાગમાં **"ટેકનીકલ આસીસ્ટન્ટ (સીવીલ)"** ની ભરતી કરવા માટે તા.૧૫/૧૨/૨૦૧૯ નાં રોજ લેખીત પરીક્ષા લેવામાં આવેલ છે. જે અન્વયે સંદર્ભ દર્શીત પસંદગી સમિતિના અહેવાલ અનુસાર નીચે જણાવેલ કુલ—૧૪ ઉમેદવારોને ભાવનગર મહાનગરપાલિકામાં તેઓના નામ સામે દર્શાવેલ વિભાગમાં લીયન રાખી **" ટેકનીકલ આસીસ્ટન્ટ (સીવીલ)"** તરીકે સરકારશ્રીના નિયમો મુજબ રૂા.૩૧,૩૪૦/— ના ફીકસ પગાર મુજબ હાજર થયા તારીખથી પાંચ વર્ષ સુધી નિમણુંક આપવા આથી હુકમ કરવામાં આવે છે. નિમણુંકની અન્ય શરતો આ સાથે સામેલ પરીશીષ્ટ—એ મુજબ રહેશે.

| ક્રમ | મેરીટ ક્રમ નંબર | ઉમેદવારનું નામ | કેટેગરી | નિમણુંકનો લીયનનો વિભાગ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | શ્રી મીત નિતીનભાઈ રાઠોડ | એસ.ઈ.બી.સી. | ઘરવેરા |
| ૨ | ૩ | શ્રી જયદિપસિંહ નવલસિંહ ડોડીયા | એસ.ઈ.બી.સી. | ઘરવેરા |
| ૩ | ૪ | શ્રી હર્ષકુમાર ભરતભાઈ પટેલ | સામાન્ય (ઈ.ડબલ્યુ.એસ.) | ઘરવેરા |
| ૪ | ૬ | શ્રી અવિનાશ રસીકભાઈ પરમાર | અનુસુચિત જાતિ | ઘરવેરા |
| ૫ | ૭ | શ્રી માનસીબેન ધનજીભાઈ કાલિયા | એસ.ઈ.બી.સી. | ઘરવેરા |
| ૬ | ૮ | શ્રી વિશાલ નવિનચંદ્ર ચૌહાણ | એસ.ઈ.બી.સી. | ઘરવેરા |
| ૭ | ૨૮ | શ્રી વૈભવકુમાર મહેન્દ્રકુમાર પરમાર | અનુસુચિત જાતિ | ઘરવેરા |
| ૮ | ૫૫ | શ્રી પ્રિયંકા ઘનશ્યામભાઈ દેવમુરારી | એસ.ઈ.બી.સી. ( મહિલા ) | રોડ |
| ૯ | ૮૨ | શ્રી અંકિતા ગાંડાભાઈ ચૌધરી | એસ.ઈ.બી.સી. ( મહિલા ) | ડ્રેનેજ |
| ૧૦ | ૮૮ | શ્રી ભાવિક અરવિંદભાઈ પટેલ | અનુસુચિત જન જાતિ | ટાઉન પ્લાનીંગ |
| ૧૧ | ૯૯ | શ્રી ઉત્કર્ષ ગોવિંદભાઈ માલવીયા | અનુસુચિત જન જાતિ | રોડ |

X:\ASHWIN-20\T-6\6-JUNRAL.docx

કોમ્પ્યુટર વિભાગ
ઇન્વર્ડ નંબર.......

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | ૧૧૫ | શ્રી હર્ષિદાબહેન વસંતભાઈ સુવેરા | અનુસુચિત જન જાતિ | યોજના |
| ૧૩ | ૧૯૯ | શ્રી રાધાબેન પારસિંગભાઈ વસાવા | અનુસુચિત જન જાતિ ( મહિલા ) | યોજના |
| ૧૪ | ૨૩૫ | શ્રી તારાબેન સરમુખભાઈ ગાંવિત | અનુસુચિત જન જાતિ ( મહિલા ) | યોજના |

(સહી/એમ.એ.ગાંધી) IAS
કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

–:: રવાનગી અર્થે અધિકૃત ::–

નાયબ કમિશ્નર (એડમીન.)
ભાવનગર મહાનગરપાલિકા
ભા વ ન ગ ર

<u>નકલ સવિનય જાણ સારૂ :</u>

(૧) સચિવશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર.

<u>નકલ જાણ તથા અમલ થવા સારૂ :–</u>

(૧) શ્રી.........................................

.............................................

(૨) ....................................વિભાગ

(૩) નાયબ કમિશ્નરશ્રી (એડમીન.)

(૪) નાયબ કમિશ્નરશ્રી(જનરલ)

(૫) સીટી એન્જીનીયરશ્રી

(૬) ઓડીટ વિભાગ

(૭) એકાઉન્ટ વિભાગ

(૮) પી.એ.ટુ.કમિશ્નરશ્રી

(૯) સે.એ.વિભાગ

(૧૦) કોમ્પ્યુટર વિભાગ...... ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

(૧૧) સબંધીત પ્રકરણે

## પરિશિષ્ટ–એ

### –:: શ ર તો ::–

(૧) આ હુકમ મળ્યેથી દિવસ–૧૫ માં મહેકમ વિભાગમાં ફરજ પર હાજર થવાનું રહેશે. જો નિયત સમયમાં ફરજ પર હાજર નહી થાવ તો આ હુકમ આપોઆપ રદ થશે. તે અંગે કોઈ નોટીસ કે પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

(૨) હાજર થવાના સમયે હાલ જયાં ફરજ બજાવો છો તે સંસ્થા દ્વારા રાજીનામું મંજુર થયાનો આધાર રજુ કરવાનો રહેશે.

(૩) આ નિમણુંક ઉમેદવારની સેવાની શરતો સબંધમાં ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર વખતો વખત જે નિર્ણયો કે નીતિ નકકી કરે તે બંધંનકર્તા રહેશે.

(૪) આ નિમણુંક ભાવનગર મહાનગરપાલિકા સેવા (ભરતી–બઢતી) નિયમો–૨૦૧૬ ની સ.સ.ઠ.આંક–૧૧૫, તા.૧૯/૩/૨૦૧૬ થી સરકારશ્રીની મંજુરીની અપેક્ષાએ અમલ કરવા થયેલ ઠરાવ મુજબ તથા આ નિયમોની સરકારશ્રીની મંજુરીને આધીન રહેશે.

(૫) જન્મ તારીખ અંગે સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ તેમજ શૈક્ષણિક લાયકાત અંગેનાં તમામ પ્રમાણ પત્રોની ખરી નકલ ફરજ પર હાજર થતા સમયે રજુ કરવાની રહેશે.

(૬) નિયમોનુસાર સર. ટી. હોસ્પિટલ / સરકારી દવાખાનાનું શારીરીક ફિટનેશનું પ્રમાણપત્ર ફરજ પર હાજર થયેથી ૦૭–માસમાં રજુ કરવાનું રહેશે. ફીટનેસ અંગેનું પ્રમાણપત્ર ઉપલબ્ધ ન થયેથી નિમણુંક આપો આપ રદ ગણાશે.

(૭) ભાવનગર મહાનગરપાલિકાના તા.૨૫/૭/૧૧ ના હુકમ મુજબ વર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવા પાત્ર રહેશે.

(૮) ફરજ પર હાજર થતા સમયે બે રાજયપત્રિત અધિકારીશ્રીઓનાં ચાલ ચલગત અંગે ચારિત્ર્યના પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.

(૯) જે જગ્યા પર નિમણુંક કરવામાં આવે છે, તે જગ્યા અંગે નિમણુંકી અધિકારી દ્વારા જે ફરજો અને જવાબદારીઓ નકકી થયેલ છે તે મુજબ તથા વખતો વખત તેમા જે ફેરફારો કરવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

(૧૦) નોકરી છોડવા / રાજીનામું આપવા બાબતે ૩૦ દિવસ અગાઉ જાણ કરવાની રહેશે અથવા ૧ માસનો નોટીસ પગાર ભરપાઈ કરવાનો રહેશે.

(૧૧) ફીકસ પગારી સમય દરમ્યાનની સેવા સક્ષમ અધિકારીને સંતોષકારક નહી જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઈપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે. આ નિમણુંક તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે ગણાશે.

(૧૨) આ ભરતી માટે ફાઈનલ થયેલ મેરીટ યાદીમાં દર્શાવેલ મેરીટ ક્રમ મુજબ સીનીયોરીટી ક્રમ જાળવવાનો રહેશે.આ હુકમ અન્વયે ફરજ પર હાજર થયેથી ઉપરોકત તમામ શરતો કબુલ મંજુર છે, તેમ માનવામાં આવશે.

(૧૩) પ્રથમ પાંચ વર્ષના સમયગાળામાં તેઓની પ્રતિ વર્ષ ૧૨(બાર) પરચુરણ રજાનો લાભ અને આકસ્મિક સંજોગો માટે વાર્ષિક ૧૫(પંદર) ખાસ વધારાની રજા મળશે જે આગામી વર્ષમાં આગળ ખેંચી શકાશે પરંતુ આવી રજા ૩૦(ત્રીસ) થી વધુ જમા થઈ શકશે નહિ જયારે પોતાની ગંભીર બિમારી કે અકસ્માતના કારણે થયેલ ગંભીર ઈજામાં ખાસ રજા ખાતાના સંબંધિત વિભાગની મંજુરી લેવાની રહેશે. મહિલા કર્મચારીઓ માટે કરારના સમયગાળા દરમ્યાન જી.સી.એસ.આર. નિયમો–૨૦૦૨ તથા સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર રહેશે. પુરૂષ કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ ના નિયમ–૭૦ તથા સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ મુજબ પિતૃત્વની રજાઓનો લાભ મળવાપાત્ર થશે. ઉકત જોગવાઈ સિવાય અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહિ અને ફરજ પરની ગેરહાજરીનો પગાર કપાત કરવામાં આવશે અને કરારનો સમયગાળો લંબાવવામાં આવશે.

(૧૪) કરાર આધારિત નોકરીમાં નિમણૂંકનાં સમયગાળા દરમ્યાન ઉમેદવાર મૃત્યુ પામે તેવા કિસ્સામાં તેમણે બજાવેલી ફરજનાં સમયગાળાનાં ફીકસ વેતન, લેણી રકમ, તેમનાં કુટુંબીજનોને મળવાપાત્ર થશે પરંતુ પેન્શન/ ગ્રેચ્યુઈટી તેમજ બીજા નાણાંકીય લાભ કે એકસગ્રેસીયા લાભો મળવાપાત્ર રહેશે નહિં.

(૧૫) કરાર આરાધિત નિમણૂંકમાં પાંચ વર્ષ પુરા થયે નિયમિત નિમણૂંક અંગે તમામ શરતો પૂર્ણ થયે નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવે ત્યારે નાણાંવિભાગના તા.૧૮/૧/૨૦૧૭ના ઠરાવની જોગવાઈ અનુસાર પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવર્તતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતી સમયે નિવૃતી વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવામાં આવશે.

(૧૬) વ્યવસાય વેરાની કપાત ફિકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

(૧૭) તેઓની સેવાપોથી નિભાવવાની રહેશે અને જન્મ તારીખની ખરાઈ અંગેની વિગતો ફરજ ઉપર હાજર થાય તે સમયે કરી નોંધ કરવાની રહેશે.

(૧૮) કરારના ધોરણે નિમણૂંકના પાંચ વર્ષના સમયગાળામાં સરકારશ્રી ધ્વારા ઠરાવેલા નમુનાનું કામગીરી મુલ્યાંકન અહેવાલ ભરવાના રહેશે. પાંચ વર્ષ બાદ તેમને નિયમિત જગ્યા પર નિમણૂંક આપવાની વિચારણા કરતી વખતે આ કામગીરી મુલ્યાંકન અહેવાલ ધ્યાને લેવાનો રહેશે.

(૧૯) ભાવનગર મહાનગરપાલિકા તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તે પણ કરાર આધારિત નિમણૂંક પામેલ કર્મચારીને બંધનકર્તા રહેશે.

(૨૦) કાર્યમથક પરનાં રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

(૨૧) કોમ્પ્યુટર કૌશલ્યના તાલીમ અને પરિક્ષા નિયમો–૨૦૦૬ ની જોગવાઈ મુજબ ભાવનગર મહાનગરપાલિકાની સેવામાં દાખલ થયા બાદ સરકારશ્રીના અભ્યાસક્રમ મુજબની સી.સી.સી. પરિક્ષા સરકાર ધ્વારા માન્ય કેન્દ્રો ધ્વારા લેવાય તેમાં ઉપસ્થિત રહીને પસાર કરવાની રહેશે. અરજી સમયે રજુ કરેલ સી.સી.સી. સર્ટી સરકારી નોકરીમાં દાખલ થવા માટેની આ લાયકાત એક પૂર્વ લાયકાત તરીકે છે. જેથી પસંદગી યાદી બાદ સરકારશ્રીની ખાતાકીય તાલીમ ભાગરૂપે અજમાયશી સમય દરમ્યાન સરકારે ઠરાવેલી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો–૨૦૦૬ ની સી.સી.સી.ની સરકારશ્રીના પરિક્ષા કેન્દ્રો ધ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે.

(૨૨) કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકશે નહિં જાહેર રજાના દિવસોએ પણ સરકારી/ કચેરીની કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃતિમાં ભાગ લઈ શકશે નહીં.

(સહી/એમ.એ.ગાંધી) IAS
કમિશ્નર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

–:: રવાનગી અર્થે અધિકૃત ::–

નાયબ કમિશ્નર (એડમીન.)
ભાવનગર મહાનગરપાલિકા
ભા વ ન ગ ર